સાબરકાંઠા જિલ્લામાં મેઘમહેર : મેઘરજ-માલપુરમાં ૬ ઈંચ

સૌથી વધુ મેઘરજમાં ૧૨૧ મીમી વરસાદ

બાયડ, તા. ૧૦

છેલ્લા કેટલાય દિવસથી વરસાદની રાહ જોતા ખેડુતોમાં આજે આનંદનુ મોજુ ફરી વળ્યુ છે. આજે સવારથી મેઘરાજાએ સાબરકાંઠા જીલ્લામાં પધરામણી કરીને જગતના તાત ખેડુતને પાયમાલ થવાથી બચાવી લીધો હતો.

સાબરકાંઠા જીલ્લાના ૧૩ તાલુકાઓમાં આજે અત્ર તત્ર સર્વત્ર મેઘરાજએ મહેર કરી જયારે સાબરકાઠા જીલ્લામાં આજે મુશળધાર વરસાદ તુટી પડયો હતો. જેમાં મેઘરજ-માલપુર અને ભીલોડામાં સાંબેલાધાર વરસાદ વર્સયો હતો. જેમાં મેરજ માં ૬ ઈંચ અને માલપુર ભીલોડામાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો અતી સાબરકાંઠા જીલ્લાના દરેક તાલુકામાં ઓછા વત્તી વરસાદ થવાના કારણે ચોમાસુ પાકને જીવતદાન મળ્યુ છે. જયારે સાબરકાંઠા જીલ્લાના બાયડ તાલુકામાં ૪૪ મી.મી, ભીલોડામાં ૧૧૦મી.મી, ધનસુરામાં૯૬ મી.મી., હિમંતનગરમાં ૮૫ મી.મી., ઈડરમાં ૯૧મીમી, ખેડબ્રહ્મામાં૯૦ મી.મી, માલપુરમાં ૧૧૦ મી.મી., મેઘરજમાં ૧૨૧ મી.મી, મોડાસામાં ૫૦ મી.મી, પ્રાંતીજમાં ૫૧ મી.મી., તલોદ અને વડાલી માં ૫૦ મી.મી અને વીજયનગર તાલુકામાં ૮૯ મી.મી વરસાદ નોધાવા પામ્યો હતો.

જયારે આ વરસાદ વરસતાં જ જીલ્લાવાસીઓએ ગરમીથી રાહત અનુભવી હતી ત્યારે તાપમાનનો પારો નીચે આવતાં લોકોએ ગરમીથી રાહતનો દમ લીધો હતો. જયારે સવારથી વરસાદ વરસતાં જીલ્લામાં જગતાના તાત ખેડુતોએ રાહતનો દમ લીધો હતો.

સાબરકાંઠા જીલ્લામાં આજે ઠેર ઠેર વરસાદ વરસતાં સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા (તસ્વીરઃ સમીર બલોચ, બાયડ)

મહેસાણા એસ.ટી. વિભાગમાં અપૂરતા કર્મચારીઓથી વહીવટમાં મુશ્કેલી

મહેસાણા, તા. ૧૦

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા ઘણા વખતથી ડ્રાઈવર, કંડકટર, કારકૂન, મિકેનીકલ અને કલેરીકલ સ્ટાફ તેમજ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓને કારણે એસ.ટી. બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થઈ છે.

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રાઈવર, કંડકટર, મીકેનીક તેમજ કલેરીકલ વર્ગના ઘણા કર્મચારીઓ નિવૃત્ત થયા છે. ચાલુ વર્ષે જૂન આખરમાં તેમાં વધુ ઉમેરો થયો છે. થોડા સમય પૂર્વે એસ.ટી. નિગમે વિવિધ સંવર્ગના કર્મચારીઓ તેમજ ડેપો મેનેજર કક્ષાના અધિકારીઓની ભરતી કરી હતી. પરંતુ કામદારોની ઘટતની સરખામણીએ આ ભરતી ઓછી થઈ હતી. જેથી હાલમાં મહેસાણા એસ.ટી. વિભાગમાં ૨૦૦ કંડકટરો, ૬૫ ડ્રાઈવરો, ૧૦૦ મીકેનીક હેડ મીકેનીક તેમજ અન્ય ટેકનીકલ સ્ટાફ તેમજ ૧૦૦ ઉપરાંત કલેરીકલ સ્ટાફ મળી કુલ ૪૬૫ ઉપરાંત કર્મચારીઓની ઘટ પડી છે.

પરિણામે આ વિભાગ હસ્તકના મહેસાણા, ઊંઝા, કડી, કલોલ, વિસનગર, ખેરાલુ, પાટણ, વડનગર, ચાણસ્મા, હારીજ, બેચરાજી ડેપોમાં શિડ્યુલ બસોના દૈનિક સંચાલનમાં, બસોની જાળવણીમાં તેમજ વહીવટને લગતી કામગીરીમાં ભારે મુશ્કેલી ઉભી થઈ છે. એક કર્મચારીને બેવડી કે ત્રેવડી કામગીરી બજાવવી પડે છે. જેથી તેઓને કામનું ભારણ વધી ગયેલ છે. એસ.ટી. તંત્ર દ્વારા વિવિધ સ્થાનોની ખાલી પડેલ અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાના પ્રમાણમાં નિગમ દ્વારા ઘટની સંખ્યાના પ્રમાણ મુજબ ભરતી ન થતાં ડેપો મથકોએ દૈનિક શિડ્યુલ બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરી પર માઠી અસર પડી છે.

ગુજરાત એસ.ટી. નિગમના સત્તાધિશોએ સત્વરે વિવિધ સંવર્ગના કર્મચારીઓની તાકીદે ભરતી કરવી જરૂરી બન્યું છે. મહેસાણા વિભાગની જેમ પડોશના પાલનપુર અને હિંમતનગર વિભાગમાં પણ કામદારોની મોટી ઘટ પડી હોવાનું જાણવા મળેલ છે.

કાંકરેજ તાલુકામાં મેઘરાજાએ વરસવાનું ચાલુ રાખતા ઠેર ઠેર પાણી - પાણી કરી દીધું હતું અને બાળકો પાણીમાં છબછબીયાં કરવામાં મશગુલ હતાં. રાહદારીઓ છત્રી, કંતાન વડે શરીર ઢાંકીને પોતપોતાના કામે જતા આવતા અને તેમાં ખેડૂતોના આનંદનો પાર નહોતો જેમ જેમ વરસાદ વરસવાનું ચાલુ હતું તેમ ઠેર ઠેર શિહોરી બજારમાં પાણી જોવા મળ્યું હતું. (તસવીર : હેમુભા વાઘેલા)

નકલી બિયારણને કારણે ગવારનો પાક નિષ્ફળ જતાં ખેડૂતો નારાજ

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સંખ્યાબંધ ખેડૂતોનો ગવારનો પાક નિષ્ફળ જતાં લાખો રૂપીયાનું નુકશાન ખેડૂત પરિવારોને માથે આવી પડ્યું હોવાનું જાણવા મળેલ છે. ગવારનો પાક ઉતરવાના સમયગાળા સુધી પણ તેના છોડ ઉપર ગવાર સીંગ ન બેસતાં કે નહિવત પાક ઉતરતાં ખેડૂતો આર્થિક, માનસિક અને શારીરિક નુકશાન નાહકના ભોગવી રહ્યા છે. 'નકલી બિયારણ' આ અણધારી આફતનું મૂળ હોવાની આશંકા ખેડૂતો સેવી રહ્યા છે. બીજી તરફ કૃષિ યુનિવર્સિટીઓ આવા સમયે ખેડૂતોને થયેલ નુકશાનનું વતળતર મળે તેવી કાર્યવાહી કરવાને બદલે પોતાની જવાબદારીમાંથી ક્યારેક છટકી જઈ 'બાઈ બાઈ ચાયણી...' જેવો ખેલ ખેલતા હોવાનું ખેડૂતોની હૈયાવરાળમાંથી જાણવા મળેલ છે.

આ હકિકતને સમર્થન આપતો એક નમૂનો તલોદ તાલુકાના ઉમેદની મુવાડી ગામે મનોજકુમાર પરસોત્તમભાઈ પટેલના ખેતરમાં ઊભેલા ગવારના પાકમાં જોવા મળ્યો છે. મનોજભાઈના કુટુંબી કનુભાઈ મગનભાઈ પટેલે ગામની સીમના સર્વે નં. ૫૭/૨ પૈકી ૨ પૈકીની ૩ વીઘા જમીનમાં ઉનાળુ ગવારની વાવણી કરી હતી. સમયે સમયે તે પાકમાં રાત-દહાડો એક કરી ખેડ ખાતર અને પાણી પણ મુકયા હતા. સમયાંતરે આ ગવારના છોડ સાડા ચારથી પાંચ ફૂટની ઊંચાઈ સાથે તૈયાર થઈ ગયા હતા. આ પાકને લગભગ સાડા ત્રણ માસ જેટલો સમય થયો હોવા છતાં ગવારના છોડ ઉપર ગવારસીંગ આવી જ ન હતી.

પરિણામે ગવારનું બિયારણ નકલી અથવા તો હલકી ગુણવત્તાનું હોવાનું અનુમાન કરીને ખેડૂતે પોતાને થયેલ નુકશાનીનું વળતર મેળવવા અને સર્દતર પાક નિષ્ફળ જવાના કારણે જાણવા સાબરકાંઠા જિલ્લાખેતીવાડી વિભાગના નાયબ ખેતી નિયામક ગુણવત્તા નિયંત્રકને લેખીત અરજી કરી હતી.

બાદ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કઠોળ વિભાગની એક ટીમ ખેડૂતના કથન મુજબ ઉમેદની મુવાડી આવી હતી. જેઓએ નિષ્ફળ ગયેલા ગવારના પાકનું નિરીક્ષણ કર્યું હતું. પરંતુ તે ટીમે કોઈ તારણ કાઢીને રિપોર્ટ આપ્યો ન હતો. જ્યાં જિલ્લા ખેતીવાડી વિભાગની ટીમની પણ રાહ જોવાતી હતી. તે ટીમ પણ ખેતરે પહોંચી ગઈ હતી. તે ટીમના અધિકારીઓએ ઘટનાનો ભોગ બનેલ ખેડૂતને એમ કહ્યું હતું કે, દાંતીવાડાની ટીમે અમારી રૂબરૂમાં નુકશાનનો રિપોર્ટ કરવો પડે. આમ થતાં આફતનો ભોગ બનેલ ખેડૂતની હાલત નુકશાનના વળતર માટે દયનીય બની જવા પામી હતી. જેની હાલત કફોડી બની હતી.

સદર ખેડૂતે તાજપુર ગામની બિયારણની એક દુકાનેથી રિસર્ચ ગવાર પાર્થનું બિયારણ ગત જાન્યુઆરીમાં ખરીદ્યુ હતુ. સદર બિયારણ દેવકીશનજી વક્તાજી એન્ડસસન્સ નામની કંપનીનું હતું. આ બિયારણથી પણ પાક નહિ ઉતરતાં ખેડૂતના દાવા મુજબ લગભગ ૩ લાખ રૂપીયાનું નુકશાન થવા પામેલ છે. જેથી કૃષિ યુનિ.નો રિપોટ મેળવી બિયારણના ઉત્પાદન તથા વેચાણકર્તા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તજવિજ ખેડૂત પરિવારે હાથ ધરી છે.

ડીસામાં વરસાદી માહોલ સર્જાતા ઠેર ઠેર પાણી

ડીસા, તા. ૧૦

ડીશા શહેરમાં સવારથી જ વરસાદનો માહોલ સર્જાતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ છે અને વાતાવરણ સૌંદર્યમય જોવા મળ્યું હતું. સવારથી જ સૂર્ય નારાયણના દર્શન થયા નથી અને આખુ આકાશ વાદળ છાયુ બની ગયું હતું.

વરસાદના કારણે ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાયેલા જોવા મળ્યા હતા. અને ડીસા શહેરમાં છેલ્લા કેટલા સમયથી રોડનું કામકાજ ચાલતુ હોવાથી તંત્રએ રોડને તોડી નાંખ્યો છે. બગીચાથી ફૂવારા સુધીના વિસ્તારમાં ત્યાં રસ્તા નવા ન બન્યા હોવાથી ખાડામાં પાણી ભરાઈ ગયું હતું અને જ્યાંથી કેટલાય બાઈક ચાલકો ફસાયા હતાં.

વરસાદી માહોલના કારમે ઘણા વાહન ચાલકો પરેશાન થયા હતાં. ઘણાના ટુ વ્હીલર બંધ પડી ગયા હતાં. લોકો ધક્કા મારીને બાઈક કે સ્કૂટર ગેરેજમાં લઈ જતા જોવા મળ્યા હતાં અને વિદ્યાર્થીઓને પણ સ્કૂલ જવામાં અગવડતા પડી હતી અને શાળા છુટતી વખતે વિદ્યાર્થીઓને પલળતા ઘરે આવવું પડ્યું હતું. સવારથી જ વરસાદ હોવાથી લારી, ગલ્લાવાળા, દુકાનદારોએ પણ તેમની દુકાન મોડી ખોલી હતી આને કારણે દુકાનદારો, ધંધાદારી પણ હેરાન થયા હતાં.

આમ ગઈકાલે વરસાદી માહોલ હોવાથી કેટલાક લોકો ખુશ થયા હતા તો કેટલાક લોકોને હેરાન થવું પડ્યું હતું.

દાંતીવાડા પંચાયતમાં અધિકારીઓનો તાલીમ કેમ્પ યોજાયો

પાંથાવાડા, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકા પંચાયત દ્વારા બી.આર.જી.એફ. યોજના અંતર્ગત તાલીમ કેમ્પ બનાસકાંઠા ડી.ડી.ઓ. બી.જે. ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં દાંતીવાડા તાલુકાના સરપંચોને અલગઅલગ તાલીમો આપવામાં આવી હતી. અને વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અધિકારીઓ અને પદાધિકારીઓ નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.આર. બુચ, ઈશ્વરભાઈ ભૂતડીયા, તાલુકા પંચાયત દાંતીવાડા તેમજ તાલુકા વિકાસ અધિકારી કે.એસ. ત્રિવેદી, જી.એન. મેવાડા, બી.બી. ચૌધરી તેમજ પાંથાવાડાના સરપંચ રમેશભાઈ ઘાડિયા દ્વારા આમંત્રિત મહેમાનોનું પાઘડી અને શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું.

મામા-ભાણેજ પર થયેલા હુમલાના આરોપીની પોલીસે કરેલી અટકાયત

મહેસાણા, તા. ૧૦

ઊંઝા તાલુકાના ઉનાવા ગામે હાઈ-વે પર સવારના સમયે બે મોટરકારોમાં આવેલા દશેક જેટલા હથિયારધારી શખ્સોએ બાઈક પર જતા મામા-ભાણેજને અટકાવીને મામા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં ભાણેજનું ફિલ્મી ઢબે અપહરણ કરી તેની કરપીણ હત્યા કરી ક્યાંક નાસી છૂટ્યા હતા.

મળતી માહિતી અનુસાર ઊંઝા પોલીસ મથકે સિદ્ધપુરના કુખ્યાત શખ્સ પોરીયો ઉર્ફે રઝાક સહિત આઠ થી દસ જેટલા શખ્સો વિરૂદ્ધ હત્યા, હત્યાની કોશિષ અપહરણના ગુના નોંધાતા મહેસાણા નાયબ જિલ્લા પોલીસ વડા તરૂણ બારોટના નેતૃત્વ હેઠળ ચાર તપાસ ટીમો બનાવીને ગુનેગારોને ઝડપવા માટે કવાયત હાથ ધરાઈ હતી. જેમાં સૌ પ્રથમ મહેસાણાના કથિત બૂટલેગર અને વિસનગર તાલુકાના સવાલા ગામના એક શખ્સ મળી બે ઈસમોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી. દરમિયાન મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. વાળાએ મોબાઈલ લોકેશનના આધારે ઝીણવટભરી તપાસ કરી આ ગુનામાં સંડોવાયેલ મનાતા મુખ્ય ગુનેગાર પોરીયોના ભાઈ પોલાદી ઝહીરખાન ઉસ્માનખાન, જાકીરખાન નદીમખાન પોલાદી તથા હમીદખાન બિસ્મીલ્લાખાન પોલાદીને મધ્ય ગુજરાતના આણંદમાંથી ઝડપી લીધા હતા જ્યારે અન્ય તપાસ ટીમે મૂળ મહેસાણા હેદરી ચૌક વિસ્તારમાં રહેતા મહમંદ તારીફ જૈનુલ આબેદીનને અમદાવાદથી પકડી પાડ્યો હતો. આ ઉપરાંત ગુલામહુસેન ઉર્ફે વસીકા ફારૂખાને તેના મકાનમાંથી પકડી પાડ્યો હતો. આમ પકડાયેલ શખ્સોની સઘન પુછપરછ કરી નામદાર કોર્ટમાંથી રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ઝીંઝવા ગામની સીમમાંથી દેશી બનાવટની બંદૂક સાથે ડફેર ઝડપાયો

તલોદ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લા સ્પે. ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.)ની ટીમ અને પ્રાંતિજ પોલીસે હાથ ધરેલા સંયુકત ઓપરેશનમાં દેશી બનાવટની બારાબોર બંદૂક સાથે એક ડફેરને પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામની સીમમાંથી ઝડપી લીધો હતો. મોટર સાયકલ પર બંદૂક લઈને જતો હતો ત્યારે આ તપાસ ટુકડી ત્રાટકી હતી. તપાસ કરતાં તેની પાસેની બંદૂક લાયસન્સ વગરની હોવાનું માલૂમ પડતાં તેને ઝડપી લઈ જેલને હવાલે કરી બંદૂક કબજે લીધી હતી. આરોપી ઈસમને નામદાર કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાન્ડ સહિતની કાર્યવાહી કરી હતી.

બનાવની વિગત એવી છે કે રવિવાર તા. ૮-૭-૧૨ની સાંજે ૫-૦૦ કલાકના સુમારે પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા પંથકમાં જિલ્લા એસ.ઓ.જી.ની ટીમના હે. કોન્સ. નાથાભાઈ દેસાઈ તથા નરવરસિંહ રાઠોડ અને પ્રાંતિજ પો.ઈન્સ. કહાર તથા હે. કોન્સ. જયદિપસિંહ રહેવરની ટીમ દોડી પહોંચી હતી. મનાય છે કે એક શખ્સ પાસે બંદૂક હોવાની બાતમી મળી હતી. સાંજના ૫ કલાકના સુમારે એક ઈસમ નામે ગુલાબ ઊર્ફે કટીરૂ આદમ ડફેર-સિંધી રહે. વિજાપુર હાલ વદરાડ સીમ તા. પ્રાંતિજનાઓ મોટર સાયકલ ઉપર અદાથી બંદૂક ભરાવી નીકળ્યો હતો. જેને જોતાં જ પોલીસની તપાસ ટુકડીએ તેને આંતરી રોકી પૂછતાછ કરતાં જાણવા મળ્યું હતું કે તેની પાસે રાખેલ બારાબોર બંદૂક લાયસન્સ વગરની હતી.

આમ થતાં તેને ઝડપી લઈ પ્રાંતિજ પોલિસ સ્ટેશનના દફતરે ગુનો નોંધી આરોપીને જેલને હવાલે કરી દઈ તે બંદૂક કયાંથી લાવ્યો? અને આવી બંદૂકો કોણ કોણ રાખે છે? વગેરે માહિતી મેળવવા પોલીસે તેના માટે રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

શિહોરી-દિયોદર બસ સેવા સવારે ૭.૩૦ કલાકે ચાલુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને રાહત મળે

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીથી ૭.૩૦ કલાકે બસ ઉપડી વાયા આકોલી - પાદરડી, મુલકપુર, નવા થઈ દિયોદર સમયસર ચાલુ કરવામાં આવે તો કોલેજ જતા ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓ રેગ્યુલર કોલેજ ટાઈમે પહોંચી શકે અને કામ-ધંધાર્થે જતાં મુસાફરોને પણ રાહત રહે તેમ હોવાથી વિદ્યાર્થીઓની માંગણીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા અને ડેપો મેનેજરશ્રી દિયોદર દ્વારા આ બાબતમાં રસ દાખવી બસ સેવા ચાલુ કરાય તેવી વિદ્યાર્થી અને વાલીઓની માંગણી છે.

પાંથાવાડા ગામે યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી

પાંથાવાડા, તા. ૧૦

બનાસકાંઠાના પાંથાવાડા ખાતે એક પરણીત યુવતીને સાસરીયા વાળા તરફ વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ અપાતા ગતરોજ યુવતીએ ઘરની પાસે આવેલા લીમડાના ઝાડ ઉપર પોતાની સાડી બાંધી ગળે ફાંસો ખાઈ જીંદગીનો અંત આણ્યો હતો.

મળતી માહિતી મુજબ બનાસકાંઠાના પાંથાવાડા ખાતે પરણાવેલ સોનીબેનને અવારનવાર કામકાજના બહાને તેના પતિ, સાસુ તથા જમાઈ માનસિક અને શારિરીક ત્રાસ આપતા હતા. દરમિયાન ગતરોજ સોનીબહેન સાથે તેના પતિ અને સાસુએ ઘાસચારો લાવવા બાબતે ઝઘડો કર્યો હતો જેથી કંટાળી આખરે સોની બહેને નજીકના લીમડાના ઝાડ ઉપર પોતાની સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ અંત આણ્યો હતો.

આ આત્મહત્યાના પગલે ફરિયાદી રમેશભાઈ ધરમાભાઈ દેવીપૂજકની ફરિયાદના આધારે પાંથાવાડા પોલીસે વિનોદભાઈ દેવીપૂજક, માલીબેન દેવીપૂજક અને સામાભાઈ દેવીપૂજક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧